Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री ॥

# આત્માનંદ પ્રકાશ.

સં. ૧૯૫૯ ના શ્રાવણથી સં. ૧૯૬૦ ના અશાડ સુધી અંક-૧૨.

" सेव्यः सदा श्रीगुरुकल्पवृक्षः "

## स्त्रग्धरावृत्तम्.

भव्यानां भव्यभावं भवजलतरणे भावयन् भावनाभिः
तीव्रैस्तेजः प्रकाशैः कुमतिभिरुदितं तर्जयन्नंधकारम् ।
सोल्लासं तत्त्वबोधं शुचिहृदि जनयन् सद्गुरोर्भक्तिभाजां
आत्मानंदप्रकाशः प्रसरति भुवने वीरभानुप्रभावात् । १

પ્રગટ કર્તા.

શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલયની
વ્યવસ્થાપક સભા.

ભાવનગર.

વીર સંવત ૨૪૨૯-૩૦ આત્મ સંવત ૮-૯
ઈસ્વીસન. ૧૯૦૩-૪

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

ભાવનગર—ધી "વિદ્યા વિજય" પ્રિન્ટીંગ પ્રેસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वार्षिक अनुक्रमणिका.


નંબર વિષય પૃષ્ઠ.

૧ નવીન વર્ષારંભે શ્રી માંગલ્ય સ્તુતિ. ગુજરાતી (પદ્ય)......૧

૨ શ્રી ગુરૂ સ્તુતિ સંસ્કૃત (પદ્ય)......................................૨

૩ ભારતવર્ષમાં નવીન ઉદયનો હેતુ.............................૪

૪ ષટ્દર્શનોનું કમિશન......... ...૯, ૨૮, ૮૨, ૧૦૬, ૧૭૦, ૧૯૪, ૨૧૮, ૨૪૩, ૨૬૬.

૫ જ્ઞાતિના આગેવાનો કેવા જોઇએ.................................૧૪

૬ જૈન કોન્ફરન્સ..................................................૧૯, ૪૩

૭ વૃતાંત સંગ્રહ......૨૪, ૪૭, ૯૪, ૧૧૯, ૧૪૧, ૧૮૨, ૨૦૩, ૨૩૯.

૮ શ્રી પ્રભુ સ્તુતિ ગુજરાતી (પદ્ય).........૨૫, ૪૯, ૯૭, ૧૨૧, ૧૪૫, ૧૬૯, ૧૯૩, ૨૧૭, ૨૪૧.

૯ શ્રી ગુરૂ સ્તુતિ ,, .........૨૫, ૪૯, ૯૭, ૨૧૭, ૨૪૧.

૧૦ શ્રી સજ્જન સ્તુતિ ,, ....................................૨૬, ૫૦.

૧૧ શ્રી આર્હત મહાસમાજનું ઉદયાષ્ટક.......................૨૭.

૧૨ જૈન શારદાનો વિલાપ.........................................૩૧.

૧૩ ગૃહસ્થાવાસમાં કેવલજ્ઞાની......૩૯, ૧૬૪, ૨૨૬, ૨૫૭, ૨૬૯.

૧૪ જૈન કોન્ફરન્સના સમારંભનું સંગીત.......................૫૦.

૧૫ આર્હત મહાસમાજનું વૃતાંત.....................................૫૨.

૧૬ મનુષ્ય દેહ પામીને શું સાધ્યું ગુજરાતી (પદ્ય) .......૭૭.

૧૭ યતિધર્મ અને શ્રાવક ધર્મનો સંવાદ.........૭૮, ૯૯, ૧૨૩, ૧૪૬, ૧૭૩, ૧૯૮, ૨૨૩, ૨૪૬, ૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮ ચિંતામણી–એક વાર્તા.........૮૫, ૧૦૭, ૧૨૮, ૧૫૧, ૧૫૬,
૨૦૩, ૨૧૨.
૧૯ વિમળચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા......૯૧, ૧૬૦, ૨૦૯,
૨૬૩, ૨૭૮.
૨૦ મરકીનું મહાત્મય. ગુજરાતી (પદ્ય)..............૯૮,૧[illegible].
૨૧ અન્યોક્તિનો ચમત્કાર....................................૧[illegible]૨.
૨૨ ભાવનાષ્ટક ગુજરાતી ( પદ્ય )....................૧૪૫, ૧૬૯
૨૩ મિત્ર પ્રત્યે ઉપદેશ.......................................૧[illegible]૩.
૨૪ બનારસ પાઠશાળાનો હેવાલ...........................૨૩૧.
૨૫ શ્રી વીર ધર્મની સ્તુતિ.....................................૨૬૫
૨૬ બનારસ પાઠશાળાની ઊન્નતિ માટે પ્રાર્થનાષ્ટક.........૨૬૫
૨૭ જૈન આર્યાજ માત્ર તીર્થંકર ભગવંતની પ્રતિમાના અધિ-
કારી છે?..........................................................૨૮૧
૨૮ વ્યવહાર શુદ્ધિ. ..................................................૨૮૬
૨૯ જાણવા જોગ બીના...............................................૨૮૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલયની વ્યવસ્થાપક સભા.

૧ સ્વર્ગવાસી અને જૈનોમાં મહોપકારી મહામુની શ્રી આત્મારામજી મહારાજના પવિત્ર નામને સ્મરણ રાખવા તે મરહુમના વિદ્વાન શિષ્યોની સંમતિથી આ મંડળી ઉભી કરવામાં આવેલી છે.

૨ જૈન પ્રજામાં ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ જાગ્રત થાય અને તેવા વાંચનની અભિરૂચિ વધવા પામે, વિદ્વાન લેખકોને ઉત્તમ ગ્રંથોના સંબંધમાં ઘટતું ઉત્તેજન મલ્યા કરે, પ્રાચીન ગ્રંથોના જ્ઞાનનું દોહન કરી ભાષાંતર રૂપે અથવા કલ્પિત કથાનક રૂપે સારા સારા સુબોધક વિષયો જૈનવર્ગની સમક્ષ પ્રતિમાસે પ્રગટ થયાં કરે, ઓછા જ્ઞાનવાળા લેખકો ઉપર ઘટતુ અંકુશ રહી શકે અને સારા નઠારા વાંચનની પરીક્ષણ શકિત જૈનપ્રજા પ્રાપ્ત કરી શકે, એવા પ્રકારનો યત્ન કરવો એ આ મંડલીનો હેતુ છે.

૩ એ હેતુ પાર પાડવા માટે મંડળી તરફથી આ " આત્માનંદ પ્રકાશ " પ્રગટ કરવામાં આવ્યું છે. તે દ્વારા જૈન વર્ગની પ્રસ્તુત નીતિ, રીતિ અને સ્થિતિપર વિસ્તારથી વિવેચનો અને પ્રાચીન ધર્મગ્રંથોના સાર રૂપે વા સવિસ્તર મુલરૂપે સારા સારા વિષયો આવવાને લીધે ભાષા અને જૈન પ્રજાની સુધારણા થાય તેવો પ્રયત્ન કરવા માંડયો છે.

૪ હરકોઈ જૈન ગૃહસ્થને આ મંડળીમાં જિંદગી સુધીના મુરબ્બી કે હરકોઈ વર્ગના જિંદગી સુધીના સભાસદ થવાનો હક છે; અને તેઓ સર્વ ને જિંદગીમાં એકજવાર લવાજમ આપવું પડે છે. મંડલીના મુરબ્બીઓ તથા દરેક વર્ગના સભાસદોનો " આત્માનંદ પ્રકાશ " પત્ર જીંદગી સુધી મેળવવાનો હક છે. લખવાને આનંદ ઉપજે છે કે, આ માસમાં આ સભામાં કેટલાએક લાઇફ મેમ્બરો અને આ માસીકના કાયમી ગ્રાહકો થયેલા છે જેના નામો હવે પછી આપવામાં આવશે.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પત્રવ્યવહાર.

" આત્માનંદ પ્રકાશ " સંબંધી પત્રવ્યવહાર તથા કાયમ લેખકો શિવાય—કવિતા, પરચુરણ વિષયો. અવલોકન માટે જૈન પુસ્તકો અને બદલે આવનારા વર્તમાન પત્રો તથા માસિકો, લવાજમ, શિરનામાની અદલાબદલી, છપાવવાની જાહેરખબરો, વહેંચવાના હેન્ડબીલો—ઇત્યાદિ તમામ વ્યવહાર.

"શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલય "—નીવ્યવસ્થાપક સભા,
ઠે. હેરીસરોડ. ભાવનગર કાઠીઆવાડ.
એ શીરનામે ચલાવવો.

## શ્રી આચાર પ્રદિપ.

### શ્રી રત્નશેખર સુરી કૃત.

આ અનુપમ પુસ્તકનું અમોએ ગુર્જર ભાષાન્તર કરાવી પાકા પુંઠા સાથે બ્હાર પાડયું છે. તેમાં જ્ઞાન સંબંધી વિવરણ કરવામાં આવ્યું છે એટલુંજ નહી પણ **શ્રાધ વિધિ** ગ્રંથના ઉપયોગ કરનારાઓને આ અમુલ્ય ગ્રંથ આવશ્ય વાંચવોજ જોઇએ. કેમકે આ ગ્રંથ પણ તેજ મહાન સૂરીનો લખેલો છે અને આ પ્હેલીજવાર બ્હાર આણો પડો છે કીમત માત્ર **રૂપીયો સવા** ટપાલનું વી. પી. ત્રણ આના જુદું.

સાધુઓને ઉપયોગ પાનાંના રૂપમાં પાટલી સાથે આ ગ્રંથ જુદો તેજ કીમતે મળી શકશે.

મળવાનું ઠેકાણું.
**શેઠ સોમચંદ પ.નાચંદ**
**જૈનોદય**—સભા ખેડા

## લવાજમની પહોંચ.

૧–૪–૦ શા મગનલાલ નરોતમ.
૧–૪–૦ શા નથુભાઇ બેચર.
૧–૪–૦ શા નગીનદાશ જેઠાભાઇ,
૧–૪–૦ શા સોમચંદ ધારશી.
૧–૪–૦ શા ગુલાબચંદ નેમચંદ.
૧–૪–૦ શા ભાઇચંદ મોતીચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદપ્રકાશ.

પુસ્તક ૧ લું   વિક્રમ સંવત ૧૯૫૯—શ્રાવણ   અંક ૧ લો.

## શ્રી માંગલ્ય સ્તુતિ.

### अनुष्टुप्.

**मंगलं भगवानर्हन् मंगलं सिद्धिदः प्रभुः ।**
**मंगलं श्रीवीतरागो मंगलायतनो जिनः ॥१॥**

### શાર્દૂલવિક્રીડિત.

બાંધે મંગલસૂત્ર મંગલ [1]કરે જ્યાં કેવલજ્ઞાનનું
શોભે મંડપ જ્યાં સમોસ્રણતણો જે સ્થાન માંગલ્યનું;
હોમે જ્યાં વિધિ સાથ કર્મ[2] સમિધો [3]ધ્યાનાગ્નિમાં પ્રેમથી,
તે શ્રીમુક્તિવધૂ વિવાહ પ્રભુનો માંગલ્ય આપો [4]અતિ. ૧

૧ મંગલિક હાથે. ૨ કર્મરૂપી ઇંધણાં. ૩ ધ્યાનરૂપી અગ્નિમાં. ૪ જ્યાં વિવાહ થાય ત્યાં મંગલસૂત્ર બંધાય છે, [illegible] તેમ અહીં પણ જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાણી વ્હાલ ધરી વદો વદનમાં શ્રીવીરના નામની,
શ્રદ્ધા સાથ [5]સુધા પીઓ શ્રવણમાં તેના ગુણ [6]ગ્રામની;
પૂજો તત્પતિમા પ્રભાવિક અતિ [7]સપ્રેમ ઉલ્લાસથી,
બોલો શ્રી જયનાદ જગ્તગુરૂના માંગલ્ય તે સર્વથી. ૨

## શિખરિણી.

[8]મહારિ સંહારી [9]વ્યસન સુવિદારી ભય [10]હરી,
નિવારી આ ભારી [11]અતિભય કરી [12]અંતર અરિ;
વિકારી [13]કામારિ મનથી પરિહારી [14]શિવ ધરી,
થયા જ્ઞાનાધારી જિનવર સદા [15]મંગલ કરી. ૩
ત્યજો વેગે વ્હાલા [16]વિષમ વિષયાનંદ રસને,
રહો જ્ઞાનાનંદે સુખકર [17]અમંદે [18]શુચિમને;
ધરો યોગાનંદે [19]યતિપતિપણું ધ્યાન [20]નૃમણિ,
રમો આત્માનંદે મનહર વરો [21]મુક્તિ રમણી. ૪

# શ્રી ગુરૂ સ્તુતિ.

## शार्दूलविक्रीडितम्.

**श्रीजैनागमसागरप्रमथने निर्व्याजमंथाचलः**
**प्रौढोन्मादिकुवादिवारणकुले गर्वोग्रकंठीरवः।**

૫ અમૃત, ૬ ગુણસમૂહની, ૭ પ્રેમના ઉલ્લાસ સાથે. ૮ મોટા શત્રુઓ. ૯ દુર્વ્યસન અથવા દુઃખ. ૧૦ ભયને ટાળી. ૧૧ અતિ ભયંકર. ૧૨ અંતરના શત્રુ કામ ક્રોધાદિ. ૧૩ કામરૂપી શત્રુ. ૧૪ શિવ–કલ્યાણને ધારણ કરી. ૧૫ મંગલ કરનારા થાઓ. ૧૬ ખરાબ. ૧૭ મંદ નહીં તેમ. ૧૮ પવિત્ર મન. ૧૯ તીર્થંકરનું. ૨૦ પુરૂષોમાં મણિરૂપ. ૨૧ મુક્તિરૂપી સ્ત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सच्चारित्रधरः कुशाग्रधिषणः सद्धर्मलीलास्पदं
आत्मारामसुनीश्वरो विजयते भव्यांबुजे भास्करः ॥१॥

**ભાવાર્થ.**—શ્રીજૈનાગમરૂપ સમુદ્રને મથન કરવામાં ખરેખર મંથાચલ પર્વત સમાન, પ્રૌઢ અને ઉન્માદી એવા કુવાદી રૂપી હાથીઓના કુલમાં ગર્વિષ્ટ કેશરીસિંહરૂપ, સત્ચારિત્રને ધારણ કરનાર, કુશાગ્ર બુદ્ધિવાલા, સદ્ધર્મના લીલાસ્થાન અને ભવ્ય પ્રાણીરૂપ કમળમાં સૂર્યરૂપ એવા **શ્રીઆત્મારામજી** મુનીશ્વર વિજય પામેછે. ૧

सच्चारित्रपवित्रचित्रचरितं चारुप्रबोधान्वितं
शांतं श्रीशमतारसेन सुखदं सर्वज्ञसेवाधरम् ।
विद्वन्मंडलमंडनं सुयशसा संव्याप्तभूमंडलं
तं सूरिं प्रणमाम्यहं सुविजयानंदाभिधं सादरम् ॥२॥

**ભાવાર્થ.**—જેમનું ચરિત્ર ઉત્તમ ચારિત્રથી પવિત્ર અને આશ્ચર્યકારી છે, જેમનો પ્રબોધ અતિ ઉત્તમ છે, જે શમતારસથી શાંત અને સુખદાયક છે. જે સર્વજ્ઞની સેવા કરનારછે, જે વિદ્વાનોના મંડલનું આભૂષણછે અને જેના ઉજ્વલ યશથી બધું ભૂમંડળ વ્યાપ્ત છે એવા **શ્રીવિજયાનંદ** નામે સૂરિવર્યને હું આદરથી નમસ્કાર કરૂં છું. ૨

## मालिनी.

धरति वपुषि निसं निर्भयो निर्ममत्वं
परिहरति विनोदं सर्वतश्चेंद्रियाणाम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**क्वचिदपि समये यः कृष्यते नो कषायै**
**र्वितरतु मम कार्ये मंगलं सोऽनगारः ॥३॥**

**ભાવાર્થ.**—જે નિર્ભય થઈ પોતાના શરીરમાં પણ મમતાનો ત્યાગ કરે છે, જે ઇંદ્રિયોના વિનોદનો સર્વ રીતે પરિહાર કરે છે અને જે કોઇ કાલે પણ કષાયથી આકર્ષાતા નથી તેવા સર્વ ગુણસંપન્ન અનગાર ( મુનિ ) મારા કાર્યમાં માંગલ્ય આપો. ૩

# ભારત વર્ષમાં નવીન ઉદયનો હેતુ.

એક સુંદર તટના મથાલાપર અતિ સુંદર ઉદ્યાન ખીલી રહ્યું છે, પુષ્પોમાંથી સૌગંધિક પ્રભાવ ચાલ્યો આવે છે, વૃક્ષો પવન સાથે ક્રીડા કરે છે, પક્ષીઓનો મધુરસ્વર કદી કદી સંભલાય છે, ગગનપર ગૌરવર્ણી ચંદ્રિકા છટકી રહી છે. એ વેલાએ પૌદ્ગલિક સુખને અનુભવતું એક મિત્રમંડળ ત્યાં એકઠું થયું હતું. તે મંડલની વ્યક્તિઓ વિવિધ સ્વભાવની હતી તથાપિ તેઓના હૃદયસ્તંભની સાથે પરસ્પર પ્રેમના તાર દૃઢ સંલગ્ન હતા. તેમની મનોવૃત્તિ એક અલૌકિક ભક્તિરસના અમૂર્ત પ્રવાહમાં તરતી હતી. તેઓની વચ્ચે કેટલીએક સાંસારિક કથાઓ ચાલી પણ તે ક્ષણમાંજ વિરામ પામી અને તેમના પરિણામનો સાગર ઉછલી તેમને વિષયાંતરમાં તાણી ગયો, હૃદય પ્રફુલ્લિત થઈ ગયા, અને તેમના પવિત્ર ઉત્સાહને સંધ્યાસમીરથી કંપિત થયેલા વૃક્ષોમાંથી નીકલતા મૃદુ મધુરાનાદે દ્વિગુણિત કર્યો. તે મંડલ તરત ભક્તિચર્ચામાંજ પ્રવૃત્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયું. ભક્તિ કેવી રીતે કરવી અને કોની કરવી ? એ પ્રશ્ન ઉત્પન્ન થતાં તે મંડલના વિદ્વાન્ નાયકે તે વિષયને પલ્લવિત કરવા પોતાની વાગ્દેવીને જીહ્વાના આસનપર આરૂઢ કરી; તેની વાક્સુધાનો પ્રવાહ સર્વ મંડલે કર્ણાંજલિપર ઝીલવા માંડયો. તે વિષયની ચર્ચા કરતાં પહેલા નાયકના હૃદયમાં ગુરૂભક્તિએ સ્વયંવર રચ્યો, અને તેણીએ તેના અંતરાત્માને નિર્દોષ જાણી વરમાળા પેહેરાવી. રોમાંચિત ખડા થયા, કંઠ ગદ્ગદિત થયો, પ્રેમાશ્રુની ધારા ચાલી અને ગુરૂની અદશ્ય મૂર્ત્તિ તેના મનોમંદિરમાં ખડી થઈ. થોડીવાર તેનું ધ્યાનમંગલ કરી નાયકે નવકારમંત્ર ભણી ગુરૂને માનસિક તથા કાયિક પ્રણામ કરી જણાવ્યું—મિત્રો, આ ક્ષણિક સંસારમાં ગુરૂ એક સચેતન દિવ્યસ્વરૂપી વસ્તુ છે. હૃદયના ગાઢ અંધકારને દૂર કરનાર સદા પ્રકાશિત અદ્ભુત તરણિ છે. ભવાગ્નિથી પરિતાપ પામેલા પ્રાણિઓને શીતલ છાયા આપનાર છે. જૈનશાસનરૂપ ગગનમાં શીતલ છત્રીશ ગુણરૂપ કીરણોથી પ્રકાશતો ગુરૂરૂપી પૂર્ણચંદ્ર જ્યારે દેશનામૃતને વર્ષાવે છે ત્યારે શ્રદ્ધાલુ શ્રાદ્ધવર્ગને જે આનંદ આવે છે તેનું વર્ણન હું કરી શકતો નથી. તે આનંદનો અનુભવ અવર્ણ્ય છે, અગોચર છે અને નિઃસીમ છે. એ મહાન્ ઉપકારી ગુરૂના નિર્મળ હૃદયમાં સાંસારિક પદાર્થો ઉપર પરમ વૈરાગ્ય સ્ફુર્યા કરે છે. અહંકારવૃત્તિથી મમત્વમાં બંધાએલા પ્રાણીઓને લાભ, હાનિ, શોક, અને હર્ષના ભોક્તા રતા જોઈ, એ સદ્ગુરૂના હૃદયમાં કરૂણાના અંકુરો ઉદ્ભવ્યા કરે છે. "જે જ્ઞાતા મનુષ્ય મોહ માયાના પાશમાંથી છુટવા માટે આત્મા અનાત્માનો વિવેકથી વિચાર કરી પોતાના સ્વરૂપને સચ્ચિદાનંદ જાણે તો તે ઉત્તમ ગતિને પામશે અને મૂર્ખ મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુષ્ય, અન્નને અભાવે વિનાશ પામનારા દેહનેજ આત્મા માની, દેહપ્રતિ ભાવના ધરાવે તે દુર્ગતિને પામશે," આ સિદ્ધાંતને વિમર્શી જે ઉપકારી મહાત્મા નિરંતર પ્રતિબોધ આપ્યા કરે છે. જે કદિ અહંકારરૂપ પિશાચના પ્રચંડ પંઝામાં આવતા નથી. સત્યસ્વરૂપના બોધથી શમતા, નિર્મલતા અને નિરંજનતા પ્રાપ્ત કરે છે. સદાનંદ અને સ્વયંપ્રકાશક આત્માને અનુભવે છે, સર્વદા ચિદ્ઘનાનંદ થઈ નિર્દોષ અને નિર્વિકારી રહે છે, એવા સદ્ગુરૂને પ્રણામ! પ્રણામ! ધન્ય ભાગ્ય. તે સદ્ગુરૂના પ્રતાપથી આવી ભવ્ય ભાવના કરવાને મને સમય પ્રપ્તિ થયો.

આટલું બોલી તે ધાર્મિક નાયક વિરામ પામ્યો. સર્વ મિત્ર મંડલ ગુરૂભક્તિના પ્રવાહમાં તણાવા લાગ્યું. તેવામાં કોઇએ પ્રશ્ન કર્યો. મિત્ર, તેવા સદ્ગુરૂની ભક્તિ કેવી રીતે કરવી? મંડલપતિએ ગર્જનાથી કહ્યું,–તેમના છતા ગુણોનું સ્તવન કરવું. તેમની ગ્રંથવાણીને પ્રસિદ્ધ કરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવું. આર્હત શાસનના તત્વોને વિવેચન કરી શ્રાવક સમુદાયની સમક્ષ મુકવા. જૈન આચાર્યોના તાત્વિક વિચારો પ્રવર્તતા હોય તે પ્રથમ યથાર્થ જાણવા અને તેમાં રાગદ્વેષ ઉમેર્યા વિના તે હોય તેવાજ સત્ય અર્થાત્ યથાદૃષ્ટ યથાશ્રુત યથાનુભૂત હોય તેવાજ તે ઉત્તમ વિચારો પરબુદ્ધિપ્રતિ પ્રવેશ થવા પ્રવર્તાવવા. જે બુદ્ધિમંત મહાત્માઓ સારગ્રાહી દૃષ્ટિવડે તેઓનું પશ્ચાત્ દર્શન કરતા અને તેઓનું યથાર્થ પુનર્દર્શન થાય એમ તેઓમાંના દુર્બોધ ભાગ ઉપર અનેક પ્રકારના પ્રકાશ આણી તે દુર્જ્ઞેય ભાગને વિવરણ, વ્યાખ્યાન; વિવેચન, ટીકા, ટિપ્પણિકા, સમાલોચન રચી સ્પષ્ટ તથા સુગમ કરવા પ્રયત્ન કરતા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓના સ્વારસ્યનું પ્રથમ યથાશક્તિ પોતે દર્શન કરી, પછી તેઓનું યથાવત્ ભાન કરાવવા યત્ન કરવો. લોકોમાં રાગદ્વેષ વધી પક્ષપાત થવા માંડયો ત્યારે વિચારોમાં વિકાર થઇ સ્વચ્છતા દૂર થવા માંડી પક્ષપાતી પંડિતો અને દુરાગ્રહી બોધકો સ્વપક્ષનું મંડન અને પરપક્ષનું ખંડન કરતા ચાલ્યા એમ થવાથી સત્ય વિચારોમાં શુદ્ધિ આવતા ગુણદોષનું મિશ્રણ થવા લાગ્યું, તેવે સમયે પણ જે મહાત્માઓએ તટસ્થ અને નિષ્પક્ષપાત રહી પોતાના અવિકારી શુદ્ધ વિચારોને ગ્રંથરૂપે ગુંથી ભારત વર્ષની પ્રજાને ચમત્કારથી ચકિત કરી નાંખી છે તેમના વચનામૃતોને બાધિત કર્યા વગર ભાષાંતરરૂપે પ્રગટ કરવા, એજ ગુરૂભક્તિ—એજ ગુરૂસેવા અને એજ વ્યુત્પન્ન, મર્મજ્ઞ અને રસજ્ઞ ભક્તોનું કર્ત્તવ્ય છે. આ ગુરૂભક્તિનું યથાર્થ સ્વરૂપ સાંભળી સર્વ ભક્તમંડલ રોમાંચિત થઈ ભક્તિરસને અદ્વૈતપણે અનુભવવા લાગ્યું. તેમાંથી એક ઉત્સાહી પુરૂષે આનંદ ઉર્મીમાં તણાઇને બીજો પ્રશ્ન કર્યો. એવા પરોપકારી ગુરૂ હાલ કોણ છે? કે જેનું અવલંબન કરી આપણે ભક્તિ કરીએ! ભક્તરાજે નમન કરી જણાવ્યું. મિત્ર, ભારત વર્ષના ઉપકારી પરોક્ષ ગુરુઓ ઘણા થઈ ગયા છે. જેઓની ગ્રંથસમૃદ્ધિ અદ્યાપિ આર્હત શાસનને દીપાવે છે. વર્ત્તમાન શાસનના અધિપતિ **શ્રીવીરભગવંતે** વાવેલું સનાતન ધર્મ વૃક્ષ તેની પછીના વિદ્વાન્ આચાર્યોએ નવપલ્લવિત રાખ્યું છે. મધ્યકાલે તેને ઉચ્છિન્ન કરવાને કૃત્રિમ મતોનો પ્રચંડ પવન ઉત્પન્ન થતે પણ જૈન મતના વીર વિદ્વાનોએ તેને બચાવ્યું છે. **શ્રીહરિભદ્રસૂરિએ** અને છેવટે કલિકાલ સર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરિએ** આર્હત ગ્રંથસમૃદ્ધિને મોડી સ્થિતિમાં મુકી જૈન પ્રજાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટો ઉપકાર કરી એ મહાન્ વૃક્ષને પાછું પલ્લવિત કર્યું હતું. અદ્યાપિ જેની શીતલ છાયામાં રહી જૈન પ્રજા પ્રેમ પૂર્વક જ્ઞાનાનંદને પ્રાપ્ત કરે છે. વલી એક આનંદની વાત યાદ આવે છે કે, તેવા પરોક્ષ ગુરૂની સેવા કરતાં મને એક પ્રત્યક્ષ ગુરૂનું સ્મરણ થાય છે કે જે જૈન વર્ગના આધુનિક મહાન્ ઉપકારી **શ્રી આત્મારામજી-વિજયાનંદસૂરિ** મહારાજ છે. જેઓએ **જૈનતત્વાદર્શ, અજ્ઞાન તિમિરભાસ્કર, તત્વનિર્ણયપ્રાસાદ** વિગેરે બોધક ગ્રંથો રચી ભારત વર્ષની સર્વજૈન પ્રજાનો મહાન્ ઉપકાર કરેલો છે. જે સૂરિવર્યની સ્થૂલમૂર્તિ કાલયોગે પરોક્ષ થઈ છે, તથાપિ આભ્યંતર સૂક્ષ્મમૂર્તિ આપણા મનોમંદિરમાં આરૂઢ કરી અને તદ્રૂપે તેમના સદ્ગુણી શિષ્ય પરિવારના પ્રત્યક્ષ દર્શન કરી તેમના ગુણોની સ્તુતિ કરવી એજ ઉત્તમ-ગુરૂભક્તિ છે.

તે ગુરૂનું સ્મરણ થતાં ભક્તિના આવેશથી એક ભક્ત બોલી ઉઠયો. ભક્તરાજ, એવાગુરૂની સતત ભક્તિ થાય તેવો ઉપાય શોધી કાઢો! જેથી આપણું જીવિત કૃતાર્થ થાય. મંડલાગ્રણી, મનમાં વિચારી બોલ્યો. મિત્રો, તેવા ઉત્તમગુરૂની સતત ભક્તિ કરવાનો આધુનિકસમયમાં એક સ્હેલો ઉપાય છે. તે એ છે કે, પ્રસ્તુત સમયમાં ધર્મવિષયક ઉદ્યોગ મુખ્યતઃ માસિકપત્રોના રૂપમાં ચાલી રહેલોછે. ધાર્મિકવિષયના માસિકપત્રો વાંચવા તરફ લોકોની પ્રવૃત્તિ છે, અને કેટલાએક લોકો જ્ઞાનપ્રવૃત્તિનું પરમ સાધન તેનેજ ગણેછે. તો તેવું માસિકપત્ર પ્રગટકરી તેદ્વારા પ્રતિમાસ પરોક્ષ અને પ્રત્યક્ષગુરૂઓના ગુણાનુવાદ કથન કરી આત્માને કૃતાર્થ કરવો તે સારો તત્વજ્ઞાનના અઘરા વિષય કિંવાગહનવિચારોવાલા ગ્રંથોના આશયનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોહન કરી તદ્રૂપે વા રૂપાંતરે તે પ્રગટ કરવું કે જેથી વાચકવૃંદને ઘણું જાણવાનું અને શીખવાનું પ્રાપ્ત થઈશકે.

વલી નીતિ વ્યવહારના ઉત્તમમાર્ગોનું દિગ્દર્શન કરવા પ્રાસંગિક દષ્ટાંતો ઉપર સવિસ્તર કથાનુયોગ આપી આલોક તથા પરલોકના સુખસાધનો સંપાદન કરવા અભિરૂચિ કરાવવી. જે પદ્ધતિપર વાચકોને બહુશ્રુતપણું તથા આનંદથી વિવિધ વિષયોનું પુષ્કળ જ્ઞાન પ્રાપ્તથઇશકે તેવી પદ્ધતીપર લખેલા વિષયરૂપ અવયવોથી માસિકપત્રની મનોહર મૂર્તિનો આવિર્ભાવ કરવો.

આ સાંભલી સર્વ ભક્ત મંડળ તે કાર્યને પૂર્ણ ઉત્સાહથી સંમત થયું અને તે પછી થોડાજ દિવસમાં આ **આત્માનંદ પ્રકાશનો** પ્રાદુર્ભાવ થયો.

પ્રિયવાચકવૃંદ. તમારી પાસે આ ગુરૂભક્તિની પત્રમય મૂર્ત્તિ પ્રગટ થઇ છે. તેને પ્રેમોલ્લાસથી માન આપી તે પ્રત્યે અમૃતદષ્ટિ કરી પોતાનો લેખરૂપ મહાપ્રસાદ પ્રસંગોપાત આપતા રહી તેની શોભા અને ઉન્નતિમાં સહાયરૂપ થશો એજ અમારી સવિનય પ્રાર્થનાછે. "તથાસ્તુ"

# ષટ્ દર્શનોનું કમીશન

ભારત વર્ષની ધર્મવૃદ્ધિનું સર્વોત્કૃષ્ટ સાધન શુદ્ધ તત્વજ્ઞાનની સમજુતિછે. પ્રાચીન કાળમાં ષટ્ દર્શનનોના મહાન્ આચાર્યોએ તત્વજ્ઞાનનું મથન અનેક પ્રકારના વિચારોથી બહુ રીતે કરેલું છે. એ પ્રમાણે મથન કરતાં પરમતત્વરૂપ નવનીત પ્રાપ્ત થાય છે. ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવનીતના અભિનવ મધુર રસમાં મોહ પામેલા મહાત્માઓ પરમ તત્વનું સંશોધન કરવા ભારતવર્ષના વિશાળ ક્ષેત્રમાં નિરંતર વિહાર કર્યા* કરેછે. અંતઃકરણમાં સર્વજ્ઞ પ્રણીત શુદ્ધ તત્વજ્ઞાન કયું હશે? એવો બલવાન્ નિશ્ચય કરવા પ્રયાસ કરતા વિશ્વવ્યવસ્થાના ચમત્કારિક નિયમોનું તટસ્થપણ નિરીક્ષણ કરેછે. એક સમયે એવા દિવ્ય મહાત્માઓ કૈલાસ પર્વતના પૂર્વ પ્રદેશ ઊપર એકત્ર થયા. તેઓએ પરમતત્વ સંપાદન કરવા અનેક સાધનોની યોજના કરી હતી, તથાપિ કેટલાએકની મનોવૃત્તિ શંકાશીલ રેહેતી હતી, સત્ય દર્શન સર્વ કેમ હોઇશકે એવી શંકા છતાં, સર્વ દર્શનોના અધ્યક્ષોની તત્વદષ્ટિ પોતપોતાના સિદ્ધાંતને પૂર્ણરીતે પ્રકાશિત કરવા શક્તિમાન્ થતી હતી, તેમજ બીજા સર્વ દર્શનો ઉપર વિજય મેળવવા પ્રયત્નકરતી હતી. આવી રીતે તત્વજિજ્ઞાસુ છતાં તેઓની બુદ્ધિ ભ્રમિત થતી. તેદિવ્ય પ્રભાવીમહાત્માઓનો સમાજ, 'શુદ્ધ તત્વજ્ઞાન પ્રકાશિત કરનારૂ દર્શન કયું હશે?' તેનો નિર્ણય કરવા તત્પર થયો અને પૂરો વિમર્શકરી સર્વની સંમતિથી નિશ્ચય કર્યોકે કોઇ અસામાન્ય દિવ્યશક્તિ, ઊતમ નિષ્પક્ષપાતી, ન્યાયવેત્તા મહાશયને કમીશનર નીમી તેમની હજુરમાં પ્રત્યક્ષપણે ષટ્દર્શનોના મુખથીજ દરેકનુ પોતપોતાનુ તત્વસ્વરૂપ, વિવેચન પૂર્વક જાણી લેવું. પછી સર્વની સમક્ષ જે દર્શનનું તત્વસ્વરૂપ શુદ્ધ હોય તે દર્શન સત્યદર્શનછે એવોન્યાય આપી, તેને સર્વોપરિ સ્થાપિત કરવું અને તે શુદ્ધ તત્વસ્વરૂપને અવલંબી જે ધર્મભાવનાઓ ઊદ્ભવી હોય તેના અનુયાયી આચાર્ય, ઉપાધ્યાય, મુનિ અને ગૃહસ્થોને અભિનંદન આપી એ સનાતન ધર્મતત્વની મહત્તાનો વિજયનાદ કરી આ કમીશનનું ન્યાય કાર્ય વિસર્જન કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્વજીજ્ઞાસુઓનો સમાજ આ પ્રમાણે વિચાર કરતોહતો તે દરમિયાન કોઇ દિવ્યમહાત્મા ત્યાં આવી ચડયા. તેમની ભવ્યમૂર્ત્તિમાંથી ન્યાયના નિર્મળ કિરણો નિકળતા હતા તેમની દિવ્ય ચક્ષુમાં સર્વાંશે દયા, દાક્ષિણ્યતા અને દીર્ઘદર્શિતા પ્રકાશતી હતી. અંગસૌંદર્યમાં શાંત રસનોપ્રવાહ વેહેતો હતો. અને વીર્યગુણમાં ક્ષમા, મૃદુતા, આર્જવ અને સંતોષ દઢપણે દેખાતા હતા. તપગુણ તેજસ્વીપણે પ્રકાશતો હતો અને વ્યવહારદષ્ટિમાં વૈરાગ્ય વરષતો હતો. સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા દયાદષ્ટિથી સર્વની જિજ્ઞાસાને તૃપ્ત કરવા પધાર્યા હોય એવી સંભાવના થઇ. તે દિવ્યમહાત્મા પધારતાંજ જિજ્ઞાસુ સમાજ ઉભો થયો. મહાત્માને પ્રેમપૂર્વક પ્રણામકરી ગિરિરાજના સુંદર સ્થળ ઉપર આસન કરવા વિનંતિ કરી. મહાત્મા બિરાજ્યા પછી અનુક્રમે સર્વ સામાજિકો તેમની સન્મુખ પોતપોતાના યોગ્ય આસન ઉપર બેઠા. સુખસાતા પુછયા પછી સમાજ મધ્યેના એક સામાજિકે સમાજનો હેતુ પ્રદર્શિત કર્યો અને સર્વની તીવ્ર જિજ્ઞાસા નિવેદન કરી. તે શ્રવણ કરી રહ્યાપછી તે દિવ્યમહાત્મા સ્મિતવદને બોલતા હવા.

હું તમારી પરમતત્વ સંશોધક વૃત્તિ જાણી તમારી જિજ્ઞાસાને તૃપ્ત કરવા આવ્યો છું. તમારા સર્વના અંતઃકરણમાં પોતપોતાના દર્શનનું તત્વજ્ઞાન જે જે સ્વરૂપે સ્ફુરી રહ્યું હોય તે સંપૂર્ણ સ્વતંત્રતાથી નિવેદન કરજો. તમારી જુબાનીમાં, જે જે દર્શનના તમે અધિકારી હો તેતે દર્શન મૂર્તિમાન્પણે સાક્ષાત્ હાજર હોય તેવી રીતે તમે પોતે તે દર્શનરૂપ થઈ પોતાના સિદ્ધાંત, હેતુ, યુક્તિ તથા દષ્ટાંત પૂર્વક બતાવજો. તમારા આચાર, વ્યવહાર પણ જાહેર કરજો. તમે સર્વ પોતપોતાની હકીકત રોશન કરી રહ્યા બાદ, તમારામાંથી જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન, સર્વજ્ઞપ્રણીત દર્શન હશે તેનો ન્યાય, હેતુ, યુક્તિ અને દ્રષ્ટાંત પૂર્વક આપવામાં આવશે.

એ પ્રમાણે કહી તે દિવ્ય મહાત્માએ પોતાનું કામ શરૂ કર્યું.

## સ્થલ

### કૈલાસ ગિરિરાજના પરમ પવિત્ર ન્યાયાસન ઉપર બિરાજેલા પૂર્ણ બ્રહ્મસ્વરૂપ સચ્ચિદાનંદ મહાત્માની રૂબરૂ,

**૧ બૌદ્ધ દર્શન.**
**૨ નૈયાયિક દર્શન.**
**૩ સાંખ્ય તથા યોગ દર્શન.**
**૪ વૈશેષિક દર્શન.**
**૫ પૂર્વમીમાંસા તથા ઉત્તરમીમાંસા દર્શન.**
**૬ જૈન દર્શન.**

ચાર્વાક દર્શન વિગેરે બીજાઓ કેટલાએક પણ હાજર છે.

પ્રથમ બૌદ્ધ દર્શન ઊભું થયું. તેની મૂર્તિ શાંત હતી. એક હાથમાં ચામર રાખ્યું હતું, બીજા હાથમાં કમંડલુ હતું, મુંજનો કટીબંધ હતો, શરીરના એક ભાગ ઉપર ચર્મ ઓઢયું હતું, ગેરૂથી રંગેલું ઘુંટી સુધી પહોંચતું વસ્ત્ર પેહેર્યું હતું. તેણે જુબાની આપતાં જણાવ્યું કે—

હું ભારત વર્ષમાં સર્વોત્કૃષ્ટપણે પ્રખ્યાતિ પામેલું બૌદ્ધદર્શન છું. મારી ઊત્પત્તિ શાક્યવંશી રજપુતોના ગૌતમ કુલમાં થઇ છે. મારી જન્મભૂમિ કાશીક્ષેત્રની ઉત્તરે રોહિણી નદીના તટ ઉપર છે. ભિક્ષુ, સૌગત, શાક્ય, શૌદ્ધોદનિસુત, તથાગત, ક્ષણિકવાદી, શૂન્યવાદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇત્યાદિ મારા અનેક નામ છે. વિપશ્યિ, શિખી, વિશ્વભૂ, કકુચ્છંદ, કાંચન, કાશ્યપ (ગૌતમ) અને શાક્યસિંહ એ સાત બુદ્ધ કહેવાયછે, તેમના સંબંધથી મારૂં નામ બૌદ્ધ દર્શન પડેલું છે. હું પ્રાતઃકાલે ઊઠી દ્રાક્ષારસ પીઊં છું, મધ્યાન્હે ભાત ખાઊં છું, ત્રીજે પોહોરે જળપાન કરૂં છું અને મધ્ય રાત્રિએ દ્રાક્ષા તથા શર્કરા જમું છું. ભિક્ષા સારૂ ફરતાં, પાત્રમાં જે કાંઈ પડે તે સર્વ શુદ્ધ માની કદાચિત્ માંસ પડી જાય તો તેનું પણ, ભોજન કરૂં છું. બ્રહ્મચર્ય સંબંધી વર્ત્તનમાં હું અત્યંત દૃઢ છું. હું ક્રિયામાર્ગથી તદન વિરક્ત છું. આ જગત્ કેમ થયું, કોણે રચ્યું, જીવ શું છે? ઇત્યાદિ તકરારો નિર્માલ્ય છે એમ ગણી હું તે સંબંધી બારિક વિચારો નહીં કરતાં તે તકરારોથી દૂર રહેલ છું. ઇશ્વર કે આત્મા વિષેના વિચારો મેં લક્ષ પૂર્વક ધ્યાનમાં લીધાજ નથી અને તે કાંઈ મને માન્ય પણ નથી ફક્ત મોક્ષ શું છે? અને આ દુઃખમય સંસારમાંથી મોક્ષ (નિવૃત્તિ) કેમ પ્રાપ્ત થાય? એ બે વિચારો ઉપરજ મેં લક્ષ આપ્યું છે. આ અપાર સંસારના દુઃખનો વિચાર કરતાં મેં ચાર **આર્યસત્ય** અર્થાત્ **મહાસત્ય** માનેલા છે. **આર્ય** એટલે સર્વ પ્રકારના ત્યાજ્ય ધર્મથી દૂર અને **સત્ય** એટલે વસ્તુના સ્વરૂપ સંબંધી યથાર્થ વિચાર કરતાં જે હિત લાગે તે. તે આર્યસત્ય અર્થાત્ મહાસત્ય ઊપર મારૂં તત્વ સ્વરૂપ છે.

તે ચાર પ્રકારના આર્યસત્યના **દુઃખ, સમુદય, માર્ગ,** અને **નિરોધ** એવા નામ છે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાતિના આગેવાનો કેવા જોઈએ?

જેમ ગૃહપતિ પોતાનાં બાળબચ્ચાં અને સ્ત્રીના હિતને વાસ્તે યથાયોગ્ય પ્રયાસ નહિ કરતાં, સુસ્ત પડી રહે, જેથી એવું પરિણામ આવે કે તેઓ દુ:ખી થઇ જાય, જેમ કુટુંબનો અધિપતિ પોતાના કુટુંબનું હિત જે જે પ્રકારે થતું હોય, તે તે પ્રકારે નહિં કરતાં, વિરૂદ્ધ વર્ત્તન કરે તો કુટુંબની પાયમાલીનું મુખ્ય સાધન થાય છે, જેમ રાજ્યનો અધિપતિ પોતાની પ્રજાની આબાદી માટે જે જે સાધનો યોજવાની આવશ્યક્તા હોય તે તે સાધનો નહિ યોજતાં, તેનાથી ઉલટાં સાધનો યોજે તો રાજ્યની તેમજ પ્રજાની જેમ પાયમાલી થાય, તેમ જ્ઞાતિના આગેવાનો પણ જ્ઞાતિના હિતને વાસ્તે જે જે કાર્યો કરવાની આવશ્યક્તા હોય તે તે કાર્યો નહિ કરતાં સુસ્ત પડી રહે, બે દરકારી રાખે અને જ્ઞાતિનું હિત થવાને બદલે જેથી અહિત થાય તેવાજ કાર્યો પોતે કર્યા કરે અને બીજાઓને પણ તેવા કાર્યો કરવા ઉત્તેજન આપે તથા ઉશ્કેરે તો તેથી જ્ઞાતિની પણ દિવસે દિવસે પાયમાલી થતી જાય છે.

જેઓ શ્રીમંત હોય છે વા ઘણાં માણસોનાં સગાં સંબંધી અર્થાત્ માણસના જથ્થાવાળા હોય છે, તેઓ પ્રાય: જ્ઞાતિના આગેવાન થાય છે. તેઓ પોતે જ્ઞાતિના આગેવાન છે એવી અંત:કરણમાં માન્યતા રાખે છે અને તેવા તોરદોરથી પોતે જ્ઞાતિના કાર્યો પ્રસંગે વર્ત્તે છે, તેવા આગેવાનોની જ્ઞાતિના આગેવાન તરીકે શી શી ફરજો છે અને તે ફરજોને લઇને તેઓએ તેને અંગે કયા કયા કર્ત્તવ્ય કર્મો અમલમાં લાવવાની નિરંતર ચિંતા રાખવી જોઇએ તેજ માત્ર આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયને પ્રસંગે વિચારવાનું છે.

જ્ઞાતિના આગેવાન ગૃહસ્થોએ નીચે મુજબની પોતાની ફરજો ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે.

૧ પોતાની જ્ઞાતિમાં પુરૂષવર્ગની તથા સ્ત્રીવર્ગની સંખ્યા કેટલી છે. તેનું પત્રક બનાવી, દરસાલ તેમાં વધારો, ઘટાડો કેટલો થાય છે. અને તે શા શા કારણથી થાય છે,

૨ જ્ઞાતિમાં વિધવાની સંખ્યા કેટલી છે તેનું ખાસ પત્રક જુદું રાખવું જોઇએ.

૩ પુરૂષ વર્ગમાં તથા સ્ત્રી વર્ગમાં કેળવણી પામેલી સંખ્યા કેટલી છે, તથા અભણ સંખ્યા કેટલી છે; તેનો નોંધ કરવો જોઇએ અને આવા સુધરતા જમાનામાં, વિદ્યાહીન તે પશુ તુલ્ય ગણાય છે, તેવા બારીક સમયમાં પોતાની જ્ઞાતિના લોકો વિદ્યાભ્યાસમાં દિવસે દિવસે વધતા જાય છે કે ઘટતા જાય છે; તો શા કારણથી, તેનો તપાસ કરવો જોઇએ.

૪ જ્ઞાતિના પુરૂષ વર્ગમાં ધંધા વગરના પુરૂષો કેટલા છે અને તેઓ શા શા કારણથી ધંધાહીન થઈ, પાયમાલ થતા જાય છે. તેનો તપાસ કરી, ફરી તેઓ કેવી રીતે ધંધા ઉપર ચડી શકે તેવી કાળજી રાખવી જોઇએ.

૫ જ્ઞાતિની વિધવાઓમાં આજીવિકાના સાધનવિનાની કેટલી છે, અને તેઓની આજીવિકાનું સાધન કેવીરીતે થઈ શકે તે બાબતમાં પુરી દરકાર રાખવી જોઇએ.

૬ જ્ઞાતિમાં દીર્ઘકાળથી મૂળ ઘાલી પડેલા જે જે રિવાજો છે તેઓમાંથી જે જે રિવાજો જ્ઞાતિ બંધુઓને મંદ સ્થિતિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાવતા હોય એમ ભાસે તો તેઓનું મૂળથી ઉચ્છેદન કરવું અને જે જે રિવાજો જ્ઞાતિની આબાદી કરે તેવા હોય તેને અનેક પ્રકારે પુષ્ટિ આપી તે મુજબ વર્ત્તવાની ટેવ પાડી, બીજાઓને તે પ્રમાણે અનુસરવા દષ્ટાંતાસ્પદ થવું જોઇએ.

૭ બીજી જ્ઞાતિઓ જે જે રીત રિવાજો મુજબ વર્ત્તતા આબાદ થઈ હોય અને તેઓમાંથી જે જે રીત રિવાજો અનુસરવા યોગ્ય હોય તે તે રીત રિવાજો પોતાની જ્ઞાતિમાં દાખલ કરવા જોઇએ.

૮ જ્ઞાતિમાં જે જે રિવાજો નીતિ વિરૂદ્ધ હોય તેઓને એકદમ દાબી દેવા પ્રયાસ કરવો જોઇએ.

૯ જ્ઞાતિબંધુઓમાં ભ્રાતૃભાવ તથા પ્રેમાળવૃત્તિ નિરંતર જેજે સાધનોથી વધતાં જાય તે વિચારી તેવા સાધનોની યોજના કરવી જોઇએ.

૧૦ જ્ઞાતિબંધુઓ જે જે કારણોથી ધર્મભ્રષ્ટ થતા જાય તે તે કારણો અટકાવી તેઓ ધર્માનુસારી થાય તેવી રીતિઓ પ્રવર્ત્તાવવી જોઇએ.

ઉપર બતાવેલી જ્ઞાતિના આગેવાનોની ફરજોના સંબંધમાં જે જે કર્ત્તવ્ય કર્મો તેઓએ અવશ્ય કરવા યોગ્ય છે; તે બાબતમાં પેહેલાં એક ખાસ સૂચના કરવાની એ છે કે—

અસ્તોદયનું ચક્ર તમામ પ્રાણી ઊપર નિરંતર પોતાનું રાજ્ય કર્યા કરેછે, દષ્ટાંત તરીકે જળયંત્રઘટિકા— રેંટતરફ આપ દષ્ટિ કરશો તો આપને તત્કાળ જણાશે કે જે ઘડાઓ પાણીથી ભરાતા જાયછે તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાલી થતા જાય છે, અને ખાલી થયેલા ભરાતા પણ જાયછે. ભરાયેલાતે ભરાયેલાજ રેહેતા નથી અને ખાલીથયેલા પણ તેમના તેમ રેહેતા નથી આદૃષ્ટાંત ચાલતા વિષયના સંબંધમાં અમુક અંશે અનુકરણ કરવા યોગ્ય છે. દૃષ્ટાંતનું મનન કરી જરા લક્ષ પૂર્વક વિચાર કરશોતો આપના ધ્યાનમાં આવશેકે–પૈસાવાળાના પુત્રો પ્રાયઃ વિદ્યાભ્યાસ પાછળ પુરતો પ્રયાસ પણ કરતા નથી. તેઓના મગજમાં બાલ્યાવસ્થાથી એવાજ તરંગો આવ્યા કરેછેકે, વિદ્યાભ્યાસ કરવો તે પૈસા પેદા કરવા માટેજ છે. અને આપણા વડીલોએ આપણે માટે પૈસો પુરતો પેદા કરી મુકેલો છે તેથી આપણે ભણવાની શી જરૂર છે? આવી જાતના વિચારો તેના મગજમાં નિરંતર આવવાથી અને વિદ્યાભ્યાસ તેઓના તન મનને વેઠ રૂપ થઈ જવાથી, વેઠ કરવાનું કોને ગમે! તે ન્યાયે વિદ્યાભ્યાસને તજીદે છે. પરિણામ એ આવે છે કે, પોતે અર્ધદગ્ધ, નિરક્ષર રેહેવાથી કોઇપણ કાર્યમાં કુશળ થઇ શકતા નથી અને પોતાનામાં દુર્ગુણો પ્રવેશ થતાંજ પોતાની પાયમાલીના પોતેજ કારણ થઇ પડે છે. દરેક મનુષ્ય પોતાની જ્ઞાતિ માંહેના ધનાઢ્ય પુરૂષો જેઓ પોતાની પાછળ પુષ્કળ દોલત મુકી ગુજરી ગયેલા હોય છે; તેઓના કેલવણીહીન પુત્રોના ચરિત્રો તરફ ધ્યાન આપશે તો વિશેષઅંશે આ વચનોજ તેમને સત્યલાગશે.

આ ઉપરથી જ્ઞાતિના ધનાઢ્ય આગેવાનોએ ખાસ ધ્યાનમાં રાખવાનું એ છે કે, પોતાનાજ બાળબચ્ચાંઓ પડતી સ્થિતિમાં આવી ન જાય અને સારી સ્થિતિમાં રહ્યા કરે એવા જે જે કારણો વિશેષ બુદ્ધિબળનો ઉપયોગ કરતાં સુઝી આવે તે, તે સ્થિતિને અનુસરીને અમલમાં લાવવા જોઇએ.

આ પ્રસંગે તત્કાળ વિચાર પ્રનાલિકામાં ઉતરી આવેલા એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનાઢય બુદ્ધિવંત પુરૂષના ઉત્તમ દષ્ટાંત ઉપર વિચાર કરવા આપને દોરૂં છું.

મુંબઈની પારસી કોમના આગેવાન, તે કોમને ઊંચી સ્થિતિ ઊપર લાવવા પ્રયત્ન કરનાર અતિ ઉદાર ગૃહસ્થ અને આપણા અતિ માનવંતા ધાર્મિક શેઠ મોતીશાના શરૂઆતના આશ્રિત, **નાઈટ ઓનરેબલ બેરોનેટ સર જમસેદજી જીજીભાઈ** પોતાને બેરોનેટનો અતિ માનવંતો ઈલકાબ મળતાં પેહેલાં તે નિરંતર જળવાઈ રહે તેટલાસારૂ તથા પોતાના વંશજો પણ તે ઈલકાબ ઉપર પાણી ન ફેરવે તેટલાસારૂ જે બુદ્ધિબળ વાપરી ગયા છે તે અનહદ છે.

અમેરિકામાં કોઇ મહાન્ ગૃહસ્થને ત્યાંની ગવર્નમેંટે બેરોનેટનો ઈલકાબ આપેલો; સ્થિત્યંતર થતાં તે ઇલકાબ ભોગવવા તે ગૃહસ્થની ભવિષ્યની પ્રજા ભાગ્યશાળી ન થઈ. આ દષ્ટાંત માનવંતા શેઠ જમસેદજીના ધ્યાનમાં પુરતી રીતે હોવાથી પોતાને બેરોનેટનો ઈલકાબ મળતાં પેહેલાં અત્રેની સરકારને પચીશ લાખ રૂપીઆની રકમ પોતાનો માનવંતો ઈલકાબ જળવાઈ રહે અને પોતાના વંશજોને તે રકમના વ્યાજનો લાભ મળ્યા કરે એવી ચતુરાઈ ભરેલી ગોઠવણ કરવાની સરતે આપી. જે બુદ્ધિબળનો લાભ અત્યાર સુધી તેમના વંશજો લીધા કરે છે.

સર જમસેદજી જેવા બહુ ધનાઢયો હોતા નથી અને બહુ ધનાઢયો બેરોનેટ પણ થઈ શકતા નથી; પરંતુ આપણે તો જે રીતે તેમણે બુદ્ધિબળ વાપર્યું છે, તેજ ધ્યાનમાં લેવાનું છે. દુનિયામાં ચતુરાઈની કાંઈ હદ નથી. બુદ્ધિશાળી મગજો એવા એવા ચમત્કારિક વિચારો બતાવે છે કે, તે વિચારો મેળવવાસારૂ દ્રવ્યનો ભોગ આપતાં પુનઃદ્રવ્યની વૃદ્ધિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાતિના ધનવાન્ આગેવાનોએ ધ્યાનમાં રાખવા જેવું, ઉપરનું દષ્ટાંત વિચારતાં નિશ્ચય થાય છે કે, જેમ જ્ઞાતિના આગેવાનો ધનવાન, બુદ્ધિમાન્, અને પરોપકારવૃત્તિવાળા હોય તેમ જ્ઞાતિ ચડતી દશા ઉપર આવતી જાય છે અને તેથી વિપરીત હોય તો જ્ઞાતિની પડતી દશા થતી જાય છે.

હવે જ્ઞાતિના આગેવાનોએ પોતાના જ્ઞાતિબંધુઓની ઉન્નતિ થવાસારૂ ઉપર વર્ણવેલી ફરજોને અંગે જે જે કર્ત્તવ્ય કર્મો કરવાની જરૂર છે તે વિચારીયે.

અપૂર્ણ.

# જૈન કોન્ફરન્સ

**જિજ્ઞાસુ**—પ્રિયમિત્ર સુજ્ઞ! આપના સાંભળવામાં આવ્યું હશેકે હાલમાં જૈનોના અભ્યુદય રૂપ સૂર્યના અરૂણોદયની શરૂઆત થવાની જણાયછે.

**સુજ્ઞ**—હા ભાઇ! એમ સાંભળવામાં આવ્યું છેકે આવતા ભાદરવા વદમાં મુંબઈ સ્થળે જૈનની કોન્ફરન્સ મળનારછે, તેજ અરૂણોદયની શરૂઆતની આપ વાત કરોછો કે?

**જિજ્ઞાસુ**—હકીકતનો એજછે અને આપને પણ તેજ સ્મરણમાં આવી પરંતુ તે સંબંધી વિચાર કરતાં પહેલાં મને વળી એક એવો તરંગ આવેછે કે શું જૈનની કોન્ફરન્સ મળવાની જરૂર છે?

**સુજ્ઞ**—કેમ ભાઇ! એવો વિચાર કરોછો? જુઓ આર્યાવર્તમાં હાલમાં કેળવણી લીધેલી જુદી જુદી કોમની હામ હામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોન્ફરન્સ ભરાયછે અને દરેક કોન્ફરન્સ પોતાની કોમનુ હિત કેવી રીતે થાય, તેને માટે સંપૂર્ણ પ્રયાસ કરેછે.

**જિજ્ઞાસુ**—આપનો અભિપ્રાય સ્તુત્યછે, પરંતુ આપે "કેળવણી લીધેલી કોમની કોન્ફરન્સ" એ શબ્દો જે દર્શાવ્યા તેજ મનન કરવા જેવા છે કેળવણી લીધેલા અનુભવી અને બુદ્ધિવંત ધનવાનોની જે કોન્ફરન્સ ભરાય તેતો કોન્ફરન્સ ભરતાં પેહેલાં " **अनारंभोहि कार्याणां** " એ નીતિના શ્લોકના મર્મને યથાર્થ રીતે વિચારી કામનો પ્રારંભ કરેછે. જૈનમાં કેળવણી લીધેલા અનુભવીઓ અને બુદ્ધિવંત ધનવાનો જો કે બહુ વિશેષ સંખ્યામાં નથી, તો પણ કોન્ફરન્સની શરૂઆતને માટે પુરતા હોય એમ જણાયછે. જેછે, તે છુટા છુટા રત્નોની જેમ પૃથક્ પૃથક્ સ્થળમાં કોઇ કોઇછે, તે છુટા છુટા રત્નોને કોન્ફરન્સ જેવા મિષે કોઇ બુદ્ધિમાન્ ઝવેરી અરસ પરસના તેજ રૂપ સંપને પરસ્પર એવી રીતે એકત્ર કરેકે એકના તેજથી બીજાને વ્યાઘાત નહીં થતાં, તેજમાં વૃદ્ધિ થાય અને છુટા છુટા રત્નોનો દિવ્ય તેજોમય એક હાર બનાવી દુનીઆની અનર્ગળ વિભૂતિનું આકર્ષણ કરવાનો પ્રયાસ કરવાની ઊત્કંઠા થાય એવી યોજના કરી આપે.

**સુજ્ઞ**—સત્યછે મિત્ર! તમારો વિચાર બહુજ વાસ્તવિકછે, પરંતુ થોડા દિવસ ઉપર અમદાવાદમાં કેટલાએક અનુભવી વિદ્વાન્ અને બુદ્ધિવંત ધનવાન્ એકત્ર થયા હતા, તેઓએ ચોકસ નિર્ણય કર્યોછે કે વરસો વરસ જૈન કોન્ફરન્સ ભરવી અને આવતી કોન્ફરન્સ મુંબઇ સ્થલે ભર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વી અમદાવાદમાં એકત્ર થયા ત્યારે તેઓનો ઉત્સાહ તો ઠીક જણાતો હતો.

**જિજ્ઞાસુ**—ભાઇ! એવો ઉત્સાહ અગાઉ પણ એક વખત અમદાવાદમાં જ્યારે કોન્ફરન્સ જેવો મેળાવડો થયો હતો ત્યારે બહુ જોસભર જણાયો હતો. જુદા જુદા સ્થળેથી બહુ સદ્ગૃહસ્થો પધાર્યા હતા અને એવા ઉત્તમ ઉત્તમ વિચારો કરી વેરાયા હતા કે ત્યાર પછી અત્યારસુધી દરેક વર્ષે કોન્ફરન્સ ભરાઈ હોત તો જૈનોનું અનેક રીતે હિત થાત.

**સુજ્ઞ**—ત્યારે એવું શું કારણ બન્યું કે વરસો વરસ તે વિચાર અમલમાં ન આવ્યો?

**જિજ્ઞાસુ**—ઘણા કારણોને લીધે તે વિચાર અમલમાં ન આવ્યો. તે સર્વ કારણો હજુ જેમના તેમજછે, પરંતુ જૈનોની ભાગ્યદેવી જે દીર્ઘકાળથી નિદ્રાવસ્થામાં પડીછે તેણે જરા પાસુ ફેરવતાં સહેજ જાગ્રત થતાં પોતાના એક ઉત્તમ કેળવણી લીધેલા, સ્વાર્થનો હોમ આપનારા વિચક્ષણ બચ્ચાના મગજમાં જૈનની કોન્ફરન્સ મેળવવાનો તરંગ ઉત્પન્ન કર્યો અને તેજ રીતે જૈનોનો અભ્યુદય થશે એવો તેના મનમાં નિશ્ચય કરાવ્યો.

**સુજ્ઞ**—શું ભાઇ! એ કેળવણી લીધેલો બુદ્ધિશાળી વિચક્ષણ નરતો પેલો જયપુર નિવાસી **મી૦ ગુલાબચંદ ઢઢા એમ.એ.** એજ કે બીજો કોઈ? મનેતો તમારા મુખ તરફ તીક્ષ્ણ નજર કરતાં તેજ તમારા મનમાંછે એમ લાગેછે વાહ! તે યુવાન સદ્ગૃહસ્થે અત્યાર સુધીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની શક્તિ મુજબ વખતનો તથા દ્રવ્યનો કેટલો ભોગ આપ્યોછે? યોગ્ય સ્થળોએ જૈનોમાં સંપની વૃદ્ધિ થાય તેવા અમૂલ્ય ભાષણો પણ પ્રસંગે પ્રસંગે આપ્યાછે.

**જિજ્ઞાસુ**—ભાઈ! જેવો એક **ગુલાબચંદ ઢઢા** નિશ્ચય મનવાળોછે, તેવા ગુલાબચંદ ઢઢા જુદા જુદા સ્થળમાંછે ખરા, પરંતુ તેઓ સર્વે ઉત્સાહ કે ખંત વિનાના વા અલ્પ ઉત્સાહ વાળા પરંતુ તદન ખંતવિનાના અને અનિશ્ચય મનવાળા છે. તેઓના અંતઃકરણમાં જ્યારે એવી સ્ફુર્તિ થાય કે સમગ્ર જૈનમંડળમાં સંપ થવાનો અને જૈનોનો ઉત્કર્ષ થવાનો જો કોઈ અત્યુત્તમ ઉપાય હોયતો જૈનોની **વરસોવરસ ચોકસ દિવસે** કોન્ફરન્સ મેળવવી એજ છે, ત્યારેજ જૈનોનો અભ્યુદય થશે. જ્યાં સુધી જુદા જુદા સ્થળોમાં વેરાયેલા અનેક ઊત્સાહી નરોનો **શ્રાવકના પચ્ચખાણ** જેવો નિશ્ચય થશે નહી ત્યાંસુધી માત્ર બે ચારવખત કોન્ફરન્સ મળવાથી અજવાળું થશે નહી.

**સુજ્ઞ**—ભાઇ જિજ્ઞાસુ, તમારા મનમાં જે જે વિચારો થાયછે તે નિઃકેવળ જૈનોની શીઘ્રપણે કેમઉન્નતિ થાય તેવી જિજ્ઞાસાને અનુસરતાજછે. પરંતુ ઉત્તમ મનોરથ પણ ઉત્તમ જ્ઞાન અને સદ્ભાગ્યવિનાસફળ થતાંજ નથી. ઉત્તમ જ્ઞાન અવધિ પરિપકવે દુર્ભાગ્યનો નાશ કરી સદ્ભાગ્યનું આકર્ષણ કરેછે. કોન્ફરન્સનું કામ રાયણનું વૃક્ષવાવવા જેવુંછે, તેના ફળ,વાવનારો ચાખે કિંવા નપણ ચાખવાને રહે. **ઇન્ડીઅન નેશનલ કોન્ગ્રેસ** જેવી ઉત્તમ મનોરથો કરનારી અને ઉત્તમ વિદ્વાનોની જનેતા હજુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના સમૃદ્ધિહીન બાળકોના દુર્ભાગ્યને દૂર કરવા અને સદ્‌ભાગ્યને આકર્ષવા વરસોનાં વરસો થયા સતત ઉદ્યોગ કરતા છતાં જોઇએ તેવી શક્તિમાન્ થઇ નથી તો શું આપણી કોન્ફરન્સ અનિશ્ચયાત્મક મનવાળી મુઠીભર જ્ઞાનવાળી અને સંપની સંપૂર્ણ ખામી વાળી, જૈનોના હિતોત્પાદક રાયણના વૃક્ષનું મૂળ સ્થિર પણે રોપવા કેમ શક્તિમાન્ થશે?

**જિજ્ઞાસુ**—ત્યારે શું ભાઈ! **કોન્ફરન્સ** ન મેળવવી એવો તમારો વિચાર છે. ?

**સુજ્ઞ**—ના ના, તેમ કદાપિ હોયજ નહિ. પરંતુ નાના બાળકોની રમતજેમ રમત રમતાં **"અટીકટી અબોડીયાની જેમ"** પરિણામ આવનારૂં થાય તેવું મને ગમતું નથી. કોન્ફરન્સના આગેવાનોને ખાસ સૂચના તો એ છે કે, પ્રથમ કોન્ફરન્સનું મોટું રૂપ અને ખુબ ધામધુમ નહીં કરતાં નાના પાયા ઉપર કામ શરૂ કરવું જોઇએ; અને ધીમે ધીમે પગ ટટાર થયા પછી ઘોડવાની ઈચ્છા કરવી જોઇએ. આપણી **નેશનલ કોન્ગ્રેસના** આગેવાનોએ કોન્ગ્રેસનું થડ મજબુત કરતાં વિદ્વાનોનું આત્મબળ વાપરવારૂપ જે જળસિંચન કર્યું હોય તેનું અનુકરણ કરતાં શિખવું જોઇએ અને તે સારૂ

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વૃત્તાંત સંગ્રહ.

લખવાને હર્ષ ઉત્પન્ન થાય છે કે, જૈનના જ્ઞાનોદ્ધારક અને અમૂલ્ય ગ્રંથ સમૃદ્ધિના સંવર્દ્ધક મરહુમ **શ્રાવક ભીમશી માણેક**ની પેઢીએ પોતાનું જ્ઞાનોદ્ધારક કાર્ય પૂર્ણ ઉત્સાહથી જેમનું તેમ આગળ ચલાવ્યું છે. તે માન મુખ્યપણે તેના પ્રમાણિક વ્યવસ્થાપક **શા ભાણજી માયાને** સર્વ રીતે ઘટે છે. ગયા વર્ષમાં **પ્રતિમા શતક, માગધી વ્યાકરણ, ભદ્રબાહુ સંહિતા,** વિગેરે અતિ ઉપયોગી ગ્રંથો તેમના તરફથી બહાર પડેલા છે. **પ્રકરણ રત્નાકર ભાગ** પેહેલાની નવીન આવૃત્તિ થઈ છે. તેમાં ફરી છપાયેલી **આનંદઘનજી કૃત ચોવીશી** વાંચવા તો ખાસ ભલામણ કરીએ છીએ. વળી બીજા સદ્બોધક અને ઉપયોગી ગ્રંથો મુદ્રાંકિત કરવા તૈયાર કરવામાં આવે છે. વધારે ખુશીની વાત તો એ છે કે, પ્રાચીન સમર્થ વિદ્વાનોની સર્વોત્તમ કૃતિઓ તેઓના મૂળરૂપ સાથે જળવાઈ રહે તેમ અર્થની સ્પષ્ટતા અને ભાષાની રસિકતા ઉપર બનતી રીતે ધ્યાન આપી અક્ષરશઃ ભાષાંતર કરાવી પ્રસિદ્ધિમાં મુકાય તેવી યોજના ઉપર તેમની હવે પૂર્ણ રીતે પ્રવૃત્તિ થવા માંડી છે. જૈનની પ્રાચીન ભારતી ભારતવર્ષમાં ભરપૂર રૂપરંગથી નૃત્ય કરતી, આર્હત અર્ભકો ( બાળકો ) ના જ્ઞાન તેજને વધારતી અને સ્થળે સ્થળે અતિ વિસ્તારમાં પુસ્તકરૂપે પ્રસરતી જોવામાં આવે છે; તેનું આદિ કારણ **શ્રાવક ભીમશી માણેક**જ છે.

For Private And Personal Use Only